CITY Yeer

ગુજરાતમિત્ર

email: citypulse@gujaratmitra.in

શુક્રવાર ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૬



CITY સ્કેપ્સ

અનોખી થીમના બન્યા ગણેશ પંડાળ

અંગદાનનો સંદેશ, હોરર થીમનો રોમાંચ

સુરતીઓ ઉત્સવપ્રિય પ્રજા છે. હાલમાં ગણેશોત્સવની આતુરતાથી રાહ જોવાય રહી છે. બસ હવે આ ઉત્સવના પ્રારંભ માટે આંગળીના વેઢે ગણી શકાય એટલા જ દિવસો બાકી છે. ગણેશ ઉત્સવની ભવ્યતા માટે મુંબઈનું નામ જ્યારે અગ્રેસર ગણાય છે, ત્યારે સુરત પણ પોતાની આગવી પરંપરા, ઉત્સાહ અને સર્જનાત્મકતા સાથે આ પર્વને વિશેષ ઓળખ આપી રહ્યું છે. આ ઓળખ મૂર્તિની અનોખી થીમ અને પંડાળના અનોખી રિતના ડેકોરેશનથી આપવામાં આવી રહી છે. સુરતના ગણેશ મંડળો આંખોને આંજી દે તેવી થીમ પર ભવ્ય અને જાજરમાન પંડાળ બનાવવામાં માહિર છે. ક્યાંક મંદિરોની થીમ, ક્યાંક જંગલ તો ક્યાંક, ક્યાંક હોરર થીમ પર પંડાળ બનાવી લોકોમાં આકર્ષણ ઉભું કરવામાં આવે છે. ચાલો આ વખતે અલગ અલગ મંડળો દ્વારા પંડાળનું ડેકોરેશન કઈ અલગ અલગ થીમ પર કરવામાં આવ્યું છે તે આ લેખના માધ્યમથી જાણીને ઉત્સવ કેવો રહેશે તેની અનુભૂતિ અત્યારથી કરી લઈએ.....

વાહ! આ ગણપતિ પંડાળમાં તો આખું જંગલ ઉભું કરાયું છે

નાનપુરામાં ગાંધીસ્મૃતિ ભવનની પાછળ સાંઈ સેવક યુવક મંડળ જી.એસ.ગ્રુપ દ્વારા 60 વર્ષથી ગણેશજીની સ્થાપના કરવામાં આવે છે. આ મંડળના વિરાજભાઈ પટેલે જણાવ્યું કે, ગત વર્ષે રજવાડી મહેલની થીમ પર ગણેશ પંડાળનું ડેકોરેશન કરવામાં આવ્યું હતું. આ વખતે પર્યાવરણ જતનને ધ્યાનમાં રાખીને સેવ ધ નેચરની થીમ પર પંડાળમાં જંગલ બનાવાયું છે તેમાં નાના જીવજંતુ અને ફૂલ તથા પતંગિયા છે. આ બધું ક્રિએશન મંડળના યુવકો દ્વારા થર્મોકોલથી કરાયું છે. મંડપમાં જ તળાવ બનાવાયું છે જેની વચ્ચે કમળ ઉપર 2 ફૂટના ગણેશજીની પ્રતિમા વિરાજમાન કરવામાં આવી છે.

અડાજણમાં ભૂત બંગલાની થીમ, દેખાશે લટકતા ભૂતો

અડાજણમાં શક્તિ ફાઈટર્સ ગ્રુપના ગણપતિના પંડાળની થીમ ભૂત બંગલાની છે. તમને ભૂતો, ડરાવની ઢીંગલીઓ લટકતી જોવા મળશે. રવિભાઈ ખરાડીએ જણાવ્યું કે અમારા ગણપતિનું આગમન ભૂતોની થીમ પર થયું હતું. આગમનયાત્રામાં લોકોને ભૂત બતાવાયા હતાં. મંડપમાં અલગ અલગ 8 રૂમ બનાવાયા છે બહાર ભૂત બંગલાની ઈફેક્ટ આપવામાં આવી છે. એક રૂમમાં એક લેડી અને તેની સાથે છોકરો ટીવી જોઈ રહ્યો છે અને ખુરશી હલી રહી છે તેનો કિચુડ કિચુડ આવી રહ્યો છે. કેમિકલ ટબમાંથી માણસ અંદર બહાર થતો દેખાય છે. પહેલા જુના ઘરોની બહાર કુવા હતા એવી જ રિતનો કુવો આ ભૂત બંગલાના કેમ્પસમાં દેખાશે જેમાંથી એક માણસ અંદર બહાર થાય છે, હેગિંગ રૂમમાં ભૂતો અને ડરાવની ડોલ્સ લટકતી દેખાય છે. ભોંયરામાં પિંજરામાં હાડપિંજર (સ્કેલેટન) સ્ટોર કરાયેલા દેખાશે. અહીં પગમાં વાઈબ્રેશન થઈ રહ્યું હોવાનું ફીલ થશે.

સોનીફળિયાના ગણેશ પંડાળમાં હોન્ટેડ પ્લેસની થીમ

સોનીફળિયાના જય શ્રી સાંઈનાથ ગ્રુપ દ્વારા ગયા વર્ષે પણ ગણેશ પંડાળમાં હોરર થીમ રાખવામાં આવી હતી જેની ફરી ડિમાન્ડ થતાં આ વખતે પણ લાઈવ ભૂત, ચુડેલ, રાખવામાં આવ્યા છે. ભાવેશભઈ દીક્ષિત અને અક્ષયભાઈ પૂજારી દ્વારા જણાવવામાં આવ્યું કે, લોકોને હોરર શો વધારે જોવા ગમે છે એટલે અમે આ વખતે પંડાળમાં હોન્ટેડ પ્લેસ ઉભું કર્યું છે. તેમાં વડવાઈ, ગુફા બતાવવામાં આવી છે. ભૂતનો મેકઅપ કરેલા છોકરાઓ જોવા મળશે. હેંગિંગ (લટકતા) ભૂત જેમાં ડોલ્સ, ઊંઘા લટકતા ભૂત પણ હશે. ગયા વર્ષે ગણપતિની પ્રતિમાની આજુબાજુ વડવાઈ રાખવામાં આવી હતી.

તાડવાડીના ગણેશ પંડાળની થીમ અંગદાન માટે જાગૃતિ ફેલાવશે

રાંદેર તાડવાડી સ્થિત વાસ્તવ ગ્રુપ દ્વારા આ વખતે અંગદાન જાગૃતિની થીમ પર મંડપ તૈયાર કરાયું છે. આ મંડળના વાસુભાઈ શાહ તરફથી મળતી માહિતી પ્રમાણે ગણેશ પંડાળમાં અંગદાનની આખી પ્રોસેસની સમજ આપવામાં આવી છે. કેમ અંગદાનની જરૂરિયાત ઉભી થઈ છે? ઓર્ગન ફેલ્યોરથી કોઈપણ વ્યક્તિનું નિધન ન થાય તેમજ લાખો યુવાનો સુધી અંગદાન માટેની જાગૃતિ આવે એ હેતુથી અંગદાનની થીમ નક્કી થાય છે. પંડાળમાં થર્મોકોલનું ગ્રીન કોરિડોર ઉભું કરાયું છે. સુરત સિટી ઓર્ગન ડોનર સીટી ઓફ ઈન્ડિયા તરીકે ઓળખાય છે એટલે આ વખતે ઓર્ગન ડોનેશનની થીમ પર મંડપ તૈયાર કરાયો છે. ગણપતિના આગમન વખતે પણ પદ્મશ્રી એવોર્ડથી સન્માનિત સુરતના સમાજસેવક નિલેશભાઈ માંડલેવાલા પણ ઉપસ્થિત રહ્યા હતા.

જુના ગામડાની લાઈફસ્ટાઇલ જોવી હોય તો જજો આ ગણેશ પંડાળમાં

ઓલપાડમાં સ્થિત સરોલીમાં હેપ્પી ક્લબ મંડળ દ્વારા શહેરના યુવાઓને અસલ જુના ગામની લાઈફ સ્ટાઈલનો ખ્યાલ આપવાં જુના ગામની થીમ પર આખું ગણેશ પંડાળ બનાવ્યું છે. આ મંડળના દીપકભાઈ પટેલ અને નીરજભાઈ પટેલે જણાવ્યું કે અમે આ થીમ ક્રિએટ કરવા 6 મહિનાથી કામ કરી રહ્યા છે. પંડાળમાં 6થી 7 છાણ અને માટીથી લીંપવામાં આવેલા ઘરો બનાવ્યા છે. પહેલાં પથ્થરની ઘંટી પર અનાજ પીસવામાં આવતું તેવી ઘંટી મુકાઈ છે, કુવામાંથી પાણી સીંચીને લેવાતું એટલે કૂવો પણ બતાવ્યો છે. આ ઉપરાંત મકાનોની આસપાસ વેલા પણ ઉગાડવામાં આવ્યા છે. પહેલા ગામોમાં પિત્તળ, કાંસા અને માટીના વાસણો ઘરમાં યુઝ કરવામાં આવતા તેવા વાસણો પણ મુકવામાં આવ્યા છે. અમે વર્ષોથી ગણેશજીની સ્થાપના કરીએ છીએ અને અમારી ગણેશજીની પ્રતિમા માટીની હોય છે.

ડૂબેલી દ્વારકાની થીમ પર મંડપનું ડેકોરેશન, દરિયામાં ગણેશજી દેખાશે

નાનપુરા ખારવાવાડમાં રામજી મંદિરની ગલીમાં દરિયામાં ડૂબેલી દ્વારકાની થીમ પર ગણેશ પંડાળ ડેકોરેટ કરાયું છે. સેલર યુવક મંડળના કેયુરભાઈ અને મયંકભાઈએ જણાવ્યું કે, અમે મંડપને એ રીતે ડેકોરેટ કર્યું છે કે ગણેશ ભક્તો ઈમેજીન કરી શકશે કે દરિયામાં જે દ્વારકા નગરી ડૂબી છે ત્યાં દરિયામાં ગણેશજી બેઠા છે. તેમાં થર્મોકોલનાં ફિશ, મરજીવા રહેશે. મંડપના એન્ટ્રન્સ ગેટ પર મોટી ફિશ ટેન્ક મૂકાશે જેમાં ત્રણ જેટલા ફાયબરના મંદિર હશે અને રિયલ ફિશ હશે. અમારા 7 ફૂટના ગણપતિ લાલબાગના રાજા સ્વરૂપના સિંહાસન પર બેઠેલા છે.

અલથાણમાં ગણપતિની મૂર્તિને ગોલ્ડના ઓર્નામેન્ટ્સથી સજાવી

અલથાણમાં વિઘ્નેશ્વરાય ગણપતિ મંડળ દ્વારા 22 ફૂટની મૂર્તિની સ્થાપના કરવામાં આવશે. આ મૂર્તિની આભા જ અનોખી છે. મૂર્તિને 24K ગોલ્ડ પ્લેટેડ 15 કિલોના ઓર્નામેન્ટ્સથી સજાવામાં આવી છે. વેદ પટેલ અને નિશાંગ પટેલ દ્વારા જણાવવામાં આવ્યું કે, અમે ચાર વર્ષથી શ્રી ગણેશની સ્થાપના કરીએ છીએ. આ વખતે મંડપ રજવાડી થીમ પર ડેકોરેટ કરવામાં આવશે. મૂર્તિને 14 કિલો 400 ગ્રામ વજનના ગોલ્ડ પ્લેટેડ ઓર્નામેન્ટ્સથી સજાવવામાં આવી છે, જેમાં બે દાંત, ચાર કડા, બે કાન અને સૂંઢપટ્ટો પણ ગોલ્ડ પ્લેટેડ છે. ઓર્નામેન્ટ્સ બનાવવામાં કોપરની ધાતુનો ઉપયોગ કરાયો છે અને ઉપર સોનાનું પાણી ચઢાવાયું છે.

જગન્નાથ પુરી થીમમાં, રથમાંથી મંડપમાં એન્ટ્રી

નાનપુરામાં વૃંદાવન ચા મહારાજા મંડળના અંકુરભાઈ પટેલ દ્વારા જણાવાયું કે, આ વખતે શ્રી જગન્નાથપુરી ગણેશધામ થીમ પર પંડાળ તૈયાર કરવામાં આવ્યું છે. મંડપમાં જગન્નાથ પુરી મંદિર બનાવાયું છે. મંદિરમાં ભગવાન જગન્નાથ, બલરામ, સુભદ્રા, ઋષિમુનિ, અર્જુન, કૃષ્ણ ફાયબરના બનાવીને મુકવામાં આવ્યા છે. મંડપ આગળ રથ મુક્યો છે તેમાં દાદર છે જે ચઢીને ભક્તો મંડપમાં પ્રવેશ કરી શકશે એટલે કે ભક્તોને રથમાંથી એન્ટ્રી આપવામાં આવશે.